| SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade<br>"A"<br>(CGPA 3.05) by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ | બેટી બચાઓ<br>બેટી પઢાઓ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 - | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | e-mail id :- dep.of.phy.edu@gmail.com |


વિષય :- સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગામ.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિ. સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ યુનિ.નાં માન્ય સંસ્થાનાં વડાશ્રીઓને જણાવવામાં આવે છે. કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગામ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિધાર્થીઓની આંતર તેમજ બાહ્ય શકિતનો વિકાસ થાય તથા વિધાર્થીઓની અભ્યાસ સિવાયની વ્યવહારિક સ્કીલનો પણ વિકાસ થાય એ હેતુથી આ S.D.P.(Student Development Programme) નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો ઉપર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જિલ્લા કેન્દ્રો ઉપર એક દિવસીય સેમીનાર તથા વર્કશોપનું આયોજન કરવામાં આવશે. આ પ્રોગ્રામમાં આપની કોલેજનાં અંદાજે ૨૦ થી ૩૦ વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવનાર વિધાર્થીઓને સ્કીલ ડેવલપમેન્ટનો કોર્ષ પુર્ણ થયા બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવશે. S.D.P.(Student Development Programme) નો આ પ્રોગ્રામ શિયાળુ સત્રમાં એપ્રિલમાસ સુધી આયોજન કરવામાં આવશે. સાથો-સાથ S.D.P.(Student Development Programme) ના આ પ્રોગ્રામમાં આપની કોલેજમાંથી એક કો-ઓર્ડીનેટર નિયુકત કરવાના રહેશે. જેમણે દર માસે આયોજીત થનારા સેમીનાર કમ વર્કશોપમાં આપની કોલેજનાં વિધાર્થીઓ સાથે પ્રત્યક્ષ હાજર રહેવાનું રહેશે. આ પ્રોગ્રામમાં ભાગ લેનાર વિધાર્થીઓ તથા કો-ઓર્ડીનેટર પાસેથી કોઈપણ ફી ઉઘરાવવાની રહેતી નથી. S.D.P.(Student Development Programme) નો આ સંપુર્ણ નીઃશુલ્ક પ્રોગ્રામ છે. માટે S.D.P.(Student Development Programme) ના પ્રોગ્રામમાં ભાગ લેતા વિધાર્થીઓ તથા કો-ઓર્ડીનેટરને T.A./D.A. ચૂકવવા પાત્ર રહેશે નહી. પરંતુ દર માસે યોજાનાર એક દિવસીય સેમીનાર તથા વર્કશોપમાં ભાગ લેનારા વિધાર્થીઓને બપોરનું લંચ પુરુ પાડવામાં આવશે. આપ તમામ આચાર્યશ્રીને વિનંતી છે કે વહેલી તકે S.D.P.(Student Development Programme) ના પ્રોગ્રામના વિધાર્થીઓના રજીસ્ટ્રેશન સંપુર્ણ વિગત સાથે શારીરિક શિક્ષણ વિભાગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જમા કરાવવા વિનંતી. આ પ્રોગ્રામના કો-ઓર્ડીનેટર તરીકે ડૉ. મેહુલભાઈ રૂપાણી (મો. ૯૮૨૪૪ ૯૭૪૯૭) સિન્ડીકેટ મેમ્બર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની નિયુક્તી કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે ડૉ. મેહુલભાઈ રૂપાણીનો સંપર્ક સાધવા વિનંતી.

નં.શા.શી./એસ.ડી.પી./૩૫૨/૨૦૧૫
શારીરિક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ.
તા.૦૧/૧૨/૨૦૧૫

કુલસચિવ

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) સૌ. યુનિ. કેમ્પસ સ્થિત સર્વે અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત

## સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

પાસપોર્ટ
સાઈઝ
ફોટોગ્રાફ

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

____________________

કોલેજનું નામ : ____________________

____________________

અભ્યાસની વિગત : ____________________

મોબાઈલ નં. : ____________________

આથી હું બાહેધરી આપું છું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં દર માસે યોજાનાર સેમીનાર તથા વર્કશોપમાં સંપૂર્ણ પણે મારી જોડાવવાની તૈયારી છે.

____________________

વિધાર્થીની સહી